# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 3-10-2024 Evening : 7.50 to 8.00
Day : Thursday National News

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*****************************************************

- પ્રાઇમ મિનિસ્ટર્સ ઇન્ટર્નશીપ સ્કીમ પ્રાયોગિક ધોરણે શરૂઃ પાંચ વર્ષ માટે ટોચની 500 કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઇન્ટર્નશીપની તક
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓને જીવનમાં એવું કોઈ કામ ન કરવા જણાવ્યું છે જેનાથી તેમની છબી ખરાબ થાય.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતમાં શાંતિ અને સલામતીની સ્થાપનામાં ગુજરાત પોલિસનાં પ્રયત્નોની પ્રશંસા કરી
- માઁ આદ્યશક્તિના આરાધના પર્વ શારદીય નવરાત્રીનો આજથી પ્રારંભઃ ગુજરાત સહિત સમગ્ર દેશનાં શક્તિપીઠ ખાતે ભક્તોનું ઘોડાપુર
- શેરબજારના સ્થાનિક સૂચકાંક સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત ચોથા સત્રમાં બે ટકાનો ઘટાડો
- ICCના મહિલા ટી-20 વિશ્વકપની પ્રથમ મેચમાં બાંગલાદેશે સ્કોટલેન્ડને 16 રનથી હરાવ્યું

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## GOVT-INTERNSHIP

સરકારૈ આજે પ્રાઇમ મિનિસ્ટર્સ ઇન્ટર્નશીપ સ્કીમ પ્રાયોગિક ધોરણે શરૂ કરી છે. પાંચ વર્ષ માટે ટોચની 500 કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઇન્ટર્નશીપ તકો પૂરી પુડવાના હેતુથી 2024-25નાં કેન્દ્રીય અંદાજપત્રમાં આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. કંપની બાબતોના મંત્રાલયના સૂત્રો જણાવે છે કે, સરકારે પાયલટ પ્રોજેક્ટ માટે 800 કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. ચાલુ નાણાકીય વર્ષ માટે એક લાખ 25 હજાર ઇન્ટર્નશીપ તકો પૂરી પાડવાનો સરકારનો લક્ષ્યાંક છે. ઓનલાઇન પોર્ટલ pm internship ડોટ mca ડોટ gov ડોટ in દ્વારા તેનો અમલ કરવામાં આવશે.

ઉમેદવારો આ મહિનાની 12થી 25 તારીખ સુધીમાં પોર્ટલ પર અરજી કરી શકશે. ઇન્ટર્નશીપનો સમયગાળો એક વર્ષનો રહેશે. 21થી 24 વર્ષના યુવાનો, જેઓ ફુલ ટાઇમ નોકરી ન કરતા હોય અને ફુલ ટાઇમ અભ્યાસ ન કરતા હોય તેઓ આ કાર્યક્રમનો લાભ લઈ શકે છે.

## PREZ-RAJASTHAN VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિદ્યાર્થીઓને જીવનમાં એવું કોઈ કામ ન કરવા જણાવ્યું છે જેનાથી તેમની છબી ખરાબ થાય. તેમણે જણાવ્યું કે, ઉચ્ચતમ નૈતિક મુલ્યો તેમનાં વર્તનનો અને કામકાજની શૈલીનો ભાગ હોવો જોઇએ. સુશ્રી મુર્મુએ રાજસ્થાનના બે દિવસના પ્રવાસના પ્રથમ દિવસે ઉદયપુરમાં મોહનલાલ સુખડિયા યુનિવર્સિટીના 32મા પદવીદાન સમારોહને સંબોધતા કહ્યું કે, ‘આપણી દીકરીઓ દરેક ક્ષેત્રમાં સારું પ્રદર્શન કરી રહી છે. આજે ચંદ્રક પ્રાપ્ત કરનારા લોકોમાં વિદ્યાર્થિનીઓની સંખ્યા વિદ્યાર્થીઓ કરતા વધુ છે. દીકરીઓ આજે આગળ આવી રહી છે,જે દેશ અને સમાજ માટે ગૌરવની વાત છે. શિક્ષણ એ સશક્તિકરણનું સૌથી યોગ્ય માધ્યમ છે.

## MANN KI BAAT 10 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના “મન કી બાત” કાર્યક્રમને આજે 10 વર્ષ પૂર્ણ થયા છે. આજના જ દિવસે વર્ષ 2014માં શ્રી મોદીએ આકાશવાણીના માધ્યમથી “મન કી બાત” કાર્યક્રમ થકી પોતાના વિચાર રજૂ કરવાની શરૂઆત કરી હતી. આ 10 વર્ષ દરમિયાન પ્રધાનમંત્રીએ નોંધપાત્ર સામાજિક, સાંસ્કૃતિક, પર્યાવરણીય સહિતના મુદ્દાઓને આવરી લીધા છે.

(બાઇટ-પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

આ મુદ્દાઓએ દેશમાં સકારાત્મક અસર ઊભી કરી છે. “મન કી બાત” પ્રધાનમંત્રી અને નાગરિકો વચ્ચેના સંવાદ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની ગયું છે. ગયા મહિને પ્રસારિત થયેલા “મન કી બાત” કાર્યક્રમમાં શ્રી મોદીએ આ કાર્યક્રમના 10 વર્ષનો ઉલ્લેખ કર્યો હતો.

## AMIT SHAH IN GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગુજરાતમાં શાંતિ અને સલામતીની સ્થાપના માટે ગુજરાત પોલીસના પ્રયત્નોની પ્રશંસા કરી છે. અમદાવાદ ખાતે શાહીબાગમાં અમદાવાદ પોલિસ કમિશ્નર કચેરીનાં નવ નિર્મિત ભવનના લોકાર્પણ પ્રસંગે તેમણે જણાવ્યું કે કાશ્મીર અને નકસલવાદ પ્રભાવિત વિસ્તારોમાં હિંસામાં 70 ટકા અને મૃત્યુમાં 72 ટકાનો ઘટાડો દર્શાવે છે કે આવનારા સમયમાં નક્સલવાદ મુક્ત, આતંકવાદ મુક્ત ભારતનું નિર્માણ થવા જઈ રહ્યું છે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રીએ સાયબર ક્રાઇમ અંગેના ગુજરાત પોલીસના ‘તેરા તુઝકો અર્પણ’ પોર્ટલનો શુભારંભ પણ કરાવ્યો.

અગાઉ શ્રી શાહે અમદાવાદના ભાડજ ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં 470 કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટના ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, મહાત્મા ગાંધી પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર

મોદીએ સ્વચ્છતાને લોક ચળવળ બનાવી અને લોકોમાં સ્વચ્છતાની સંસ્કૃતિ કેળવવામાં ઘણું યોગદાન આપ્યું છે.

શ્રી શાહે આજે સાણંદ નજીક 'કાર્યકર્તા સંમેલન'માં ભાજપના કાર્યકર્તાઓને સંબોધન કર્યું હતું. આવતી કાલે તેઓ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે એડીસી બેન્કના 100મા સ્થાપના દિવસ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત તેઓ દિવસભર રાજ્યનાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા **X** હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## NAVRATRI FESTIVAL

આજથી માં આદ્યશક્તિના આરાધના પર્વ શારદીય નવરાત્રીનો પ્રારંભ થયો છે. આસો સુદ એકમથી નોમ સુધી નોરતાનાં નવ દિવસ દરમિયાન નવર્દુગાના નવ સ્વરૂપોની પૂજા, અર્ચન, જપ-તપ અને વ્રત કરી માની આરાધના કરવામાં આવે છે. આજે નવરાત્રીના પ્રથમ દિવસે મા શૈલપુત્રીની પૂજા કરવામાં આવે છે.

ગુજરાત સહિત સમગ્ર દેશનાં શક્તિપીઠ ખાતે ભક્તોએ પ્રથમ નોરતે મોટી સંખ્યામાં માતાના દર્શન કર્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાત્રે અમદાવાદના GMDC મેદાન ખાતે વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવ 2024નું ઉદ્ઘાટન કરશે. શક્તિપીઠ અંબાજી અને પાવાગઢ ખાતે શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે ઘટસ્થાપન વિધિ કરી નવરાત્રીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

દરમિયાન, જમ્મુની ત્રિકુટા પર્વત ટેકરીમાં આવેલા સુપ્રસિધ્ધ માતા વૈષ્ણોદેવી મંદિર ખાતે આજે 50 હજારથી વધુ ભક્તોએ માતાના દર્શન કર્યા હતા.

આકાશવાણીના જમ્મુ પ્રતિનિધિ જણાવે છે કે, નવરાત્રિ દરમિયાન ભાવિકોનાં ધસારાને ધ્યાનમાં શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઇન બોર્ડે કટરા રેલવે સ્ટેશન ખાતે નવા નોંધણી કાઉન્ટર્સ શરૂ કર્યા છે.

વૈષ્ણોદેવી મંદિરને વિવિધ ફુલોથી શણગારવામાં આવ્યું છે. કોઈ પણ અપ્રિય ઘટનાને ટાળવા બહુ-સ્તરીય સલામતી વ્યવસ્થા કરવામાં આવી છે. જમ્મુમાં પણ બાવેવાલી માતા તરીકે જાણીતા માતા કાળી મંદિર ખાતે શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં દર્શનાર્થે આવ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવરાત્રીના શુભ અવસર પર લોકોને શુભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ શક્તિ અને શ્રધ્ધાને સમર્પિત આ પવિત્ર તહેવાર દરેક નાગરિક માટે શુભ સાબિત થાય તેવી શુભકામના વ્યક્ત કરી હતી.

## STOCK CLOSE

શેરબજારના સ્થાનિક સૂચકાંક સેન્સેક્સ અને નિફ્ટીમાં આજે સતત ચોથા સત્રમાં બે ટકાનો ઘટાડો યથાવત રહ્યો હતો. પશ્ચિમ એશિયામાં વધતા જતા સંઘર્ષ વચ્ચે નબળા વૈશ્વિક વલણની અસરને કારણે છેલ્લા બે મહિનામાં બજારમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સ 1 હજાર 769 પોઇન્ટ ઘટીને 82 હજાર 497 અને નિફ્ટી 546 પોઇન્ટ ઘટીને 25 હજાર 250 પર બંધ રહ્યો હતો. તમામ સેક્ટરમાં ભારે વેચવાલી જોવા મળી હતી. મિડ કેપ ઇન્ડેક્સ 2.2 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 1.8 ટકા ઘટ્યો હતો.

## HARYANA-KASHMIR ELECTION

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટેનાં પ્રચારનો આજે સાંજે અંત આવ્યો છે. 90 વિધાનસભા બેઠક ધરાવતા હરિયાણામાં શનિવારે એક જ તબક્કામાં મતદાન થશે. આઠમી ઑક્ટોબરે જમ્મુ-કાશ્મીરની સાથે હરિયાણા વિધાનસભાની ચૂંટણીની મતગણતરી કરાશે.

દરમિયાન ચૂંટણી પંચે રાજ્યમાં પાંચમી ઑક્ટોબરે સાંજે સાડા 6 વાગ્યા સુધી એક્ઝિટ પૉલ જાહેર કરવા પર પ્રતિબંધ લગાવ્યો છે. આનો ઉલ્લંઘન કરનારાઓને સજા અને દંડનો સામનો કરવો પડી શકે છે.

ચૂંટણી પંચે જણાવ્યું છે કે, જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીનાં ત્રણેય તબક્કામાં એકંદરે 63 પૂર્ણાંક 88 ટકા મતદાન નોંધાયું છે. પુરુષ મતદારોએ 64 પૂર્ણાંક 68 ટકા અને મહિલા મતદારોએ 63 ટકા મતદાન કર્યું છે.

## JAYSHANKAR SRILANKA VISIT

વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણિયમ જયશંકર આવતી કાલે શ્રીલંકાનાં સત્તાવાર પ્રવાસે જશે. શ્રીલંકામાં રાષ્ટ્રપતિ અનુરા કુમાર દિસાનાયકેએ ગયા સપ્તે કાર્યભાર સંભાળ્યો તે પછી ભારત અને શ્રીલંકા વચ્ચે આ પ્રથમ ઉચ્ચ સ્તરીય બેઠક હશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, ભારતની પડોશી પ્રથમ નીતિ અને દરિયાઇ સલામતી તથા સહકાર માટેનાં સાગર કાર્યક્રમને ધ્યાનમાં રાખતા આ મુલાકાત દ્વિપક્ષીય લાભ માટે બંને દેશો વચ્ચેની સહિયારી પ્રતિબધ્ધતા પર ભાર મૂકે છે.

## PM-E-AUCTION-DATE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળેલી ભેટોની ઈ-હરાજીની તારીખ 31 ઓક્ટોબર સુધી લંબાવવામાં આવી છે. તે અગાઉ 17 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર સુધી સુનિશ્ચિત કરાઇ હતી. આ વર્ષની આ છઠ્ઠી હરાજી છે. સરકારે લોકોને ઈ-હરાજીમાં ભાગ લેવા વિનંતી કરી છે કારણ કે તે નમામી ગંગે ફાળામાં યોગદાન આપીને એક ઉમદા કાર્ય કરશે.

આ પ્રક્રિયામાં ભાગલેવા ઇચ્છુક વ્યક્તિઓ સત્તાવાર વેબસાઇટ https://pmmementos.gov.in દ્વારા નોંધણી કરીને તેમાં ભાગ લઈ શકે છે. હરાજી માટે લગભગ છસો સ્મૃતિચિહ્નો પ્રદર્શિત કરવામાં આવ્યા છે, જેમાં વિશિષ્ટ કલાકૃતિઓ,

મંદિરોના ઘડતરના નમૂનાઓ, હિન્દુ દેવી -દેવતાઓ અને પેરાલિમ્પિયન્સના જૂતાનો સમાવેશ થાય છે.

## ASSAM CO DISTRICT

એક નવતર પ્રયોગમાં આસામ સરકારે રાજ્યમાં 39 સહ-જિલ્લા સ્થાપવાનો નિર્ણય લીધો છે. ભારતમાં આ પ્રકારનો અભિગમ પ્રથમ વાર અપનાવવામાં આવી રહ્યો છે એમ મુખ્યમંત્રી હિમંતા બિસવા સરમાએ જણાવ્યું હતું. એક્સ પર એક પોસ્ટમાં સરમાએ જણાવ્યું કે, શાસનને જનતાની વધુ નજીક લાવતા અમે આવતી કાલથી સહ-જિલ્લાનો પ્રારંભ કરીશું. દેશમાં પ્રથમ વાર શરૂ કરાયેલી આ પહેલમાં જિલ્લા વહીવટીતંત્રનું વિકેન્દ્રીકરણ કરીને સહ-જિલ્લા બનાવવામાં આવશે, જે મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સની અમારી દ્રષ્ટિનો અમલ સુનિશ્ચિત કરશે.

## ICC WOMEN T20 WORLD CUP

ICCના નવમા મહિલા ટી-20 વિશ્વકપનો આજથી સંયુક્ત આરબ અમીરાતના શારજાહ ખાતે પ્રારંભ થયો છે. પ્રથમ મેચમાં બાંગલાદેશે સ્કોટલેન્ડને 16 રનથી હરાવ્યું હતું.

બાંગલાદેશે ટોસ જીતીને બેટિંગ લઇને 20 ઓવર્સમાં 119 રન કર્યા હતા, જવાબમાં સ્કોટલેન્ડની ટીમ 20 ઓવરમાં 103 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

બાંગલાદેશ વતી સૌથી વધુ 36 રન શોભના મોહન્તીએ બનાવ્યા હતા, જ્યારે સ્કોટલેન્ડ વતી સારાહ બ્રાઇસ 49 રને અણનમ રહ્યા હતા.

આગામી 20 ઑક્ટોબર સુધી ચાલનારી આ સ્પર્ધામાં કુલ 10 ટીમ ભાગ લઈ રહી છે. ભારત તેની પ્રથમ મેચ આવતીકાલે ન્યૂઝિલેન્ડ સામે રમશે, જ્યારે પાકિસ્તાન સામેની મેચ રવિવારે રમાશે. છેલ્લાં ત્રણ ટી-20 વિશ્વકપ જીતનારી ગયા વર્ષની વિજેતા ટીમ ઑસ્ટ્રેલિયા, ભારત, ન્યૂ ઝિલેન્ડ, પાકિસ્તાન અને શ્રીલંકા સાથે

ગ્રુપ Aમાંછે. જ્યારે ગ્રૂપ Bમાં બાંગ્લાદેશ, ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઇન્ડિઝનો સમાવેશ થાય છે.